## રેગ્યુલર દિવાની મુકદ્દમા નં. ૨૨/૨૦૨૨

## –:: વાદીની આંક–૦૫ ની અરજી લગત હુકમ ::–

---

**(૧)** હાલની અરજી વાદીએ સી.પી.સી.ઓર્ડર ૩૯, રૂલ–૧, ૨ મુજબ મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે અને તેના સમર્થનમાં આંક–૪ થી લીસ્ટ ઓફ ડોકયુમેન્ટ રજુ કરેલ છે તેમજ સદર કામે પ્રતિવાદીઓને દાવાની નોટીસ અને સમન્સ કરતા ધોરણસર બજી ગયેલ છે અને પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી બી.ટી.કોયાણી નાઓ હાજર રહેલા છે અને આંક–૧૭ થી પોતાનો દાવા અરજી તથા મનાઈહુકમની અરજીનો જવાબ રજુ કરેલ છે અને આંક–૧૯ થી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**(૨)** સદર કામે વાદી તરફે વિ.વ.શ્રી કે.બી.બાલધા નાઓએ આંક–૨૨ થી લેખીત દલીલ રજુ કરેલ છે અને સાથે AIR 2007 Page No. 43, 2010(1) GLH 302 ના સાઈટેશન રજુ કરેલ છે. તેમજ પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી બી.ટી.કોયાણી નાઓની મૌખીક દલીલો સાંભળી.

**(૩)** ઉપરોકત અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલા છે.

| | |
|---|---|
| ૧) | શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ? |
| ૨) | શું સગવડતા અગવડતાનું પલ્લુ વાદીની તરફેણમાં છે ? |
| ૩) | શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની શકયતા છે ? |
| ૪) | શું આખરી હુકમ ? |

**(૪)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧) હકારમાં

૨) હકારમાં

૩) હકારમાં

૪) આખરી હુકમ મુજબ.

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**કારણો**

(૬) મુદ્દા નં. ૧ થી ૩ :- મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી સમય બચાવવા માટે એક સાથે ચર્ચા કરવામાં આવે છે.

(૭) સદર કામે વાદીની મનાઈહુકમની અરજીમાં મુખ્યત્વે એવી દાદ ધ્યાને લીધી અને મનાઈહુકમની અરજીના પેરા ૪ માં જે સર્વે નંબર જણાવેલા છે તે સર્વે નંબરો ભાઈઓ ભાગ તથા વહેંચણી કરવામાં આવેલ છે પરંતુ રેવન્યુ રાહે જે તે વારસદારોના નામે દાખલ કરવાની હતી અને તેમાં અન્ય વારસદારોએ સંમતી પણ આપવાની હતી. સદર કામે માર્ક ૪/૧ થી ભાઈઓ ભાગની સમજુતી કરવામાં આવેલી હતી અને તે મુજબ ભાગ પાડેલા હતા પરંતુ જે તે સમયે રેવન્યુ રેકર્ડમાં જે તે વારસદારોના નામો દાખલ કરવામાં આવેલા ન હતા અને સમજુતી મુજબ વાદગ્રસ્ત જમીનના કબજા એકબીજાને સોંપવાના હતા પરંતુ તે પણ પક્ષકારો વચ્ચે અણબનાવના કારણે થયેલ નથી. સી.પી.સી. ઓર્ડર ૩૯ રૂલ ૧, ૨ જોતા વાદીઓ અને પ્રતિવાદીઓ એક જ કુટુંબના સભ્યો છે અને તે રીતે વાદગ્રસ્ત જમીનનો ગુજરનાર દિપસંગ સિંધુભા જાડેજાના વારસદારો વચ્ચે વહેંચણી થયેલ હતી પરંતુ તે વહેંચણી મુજબ અમલવારી થયેલ ન હોવાથી હાલનો દાવો વાદીએ દાખલ કરેલ છે અને રેવન્યુ રેકર્ડ તથા પક્ષકારો વચ્ચે રેવન્યુ રાહે પણ તકરારો ચાલુ છે. આમ, વાદગ્રસ્ત જમીનો વડીલોપાર્જીત છે અને જેમાં તમામ વારસદારોનો હકક છે તેથી વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તેમજ કબજા બાબતે નકકી કરતા પહેલા પુરાવો લેવો અતિ આવશ્યક છે અને તે પુરાવો લીધા સિવાય નકકી ન કરી શકાય. તેવા સંજોગોમાં સગવડતા અગવડતા સમતુલા નુ પલ્લુ બંને બાજુ છે અને મનાઈ હુકમ ન આપવાથી બન્ને પક્ષકારોને નાણા થી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. તેવા સંજોગોમાં મુદ્દા નં. ૧ થી ૩ નો નિર્ણય ''હકારમાં'' ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

***-:: આખરી હુકમ ::-***

**૧.** વાદીની હાલની મનાઈહુકમની અરજી મંજુર કરવામાં આવે છે અને બન્ને પક્ષકારોએ પોતાના કબજાની જમીનની યથાવત પરિસ્થિતી જાળવી

રાખવી તથા એકબીજાના કબજામાં કોઈ દખલ, અડચણ કે હેલો હરકત દાવો ચાલતા સુધી નહી કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**હુકમ આજરોજ તારીખ–૨૯ મી, માંહે–એપ્રિલ, સને–૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

Sd/-
જયેશ લક્ષ્મણભાઈ પરમાર
પ્રિન્સીપાલ સીવીલ જજ,
જામકંડોરણા.
UIC No. GJ 01441

સ્થળ : જામકંડોરણા.
તારીખ : ૨૯–૦૪–૨૦૨૪